૭૮૬

નબી. (સલ્લ.) નું કહેવું છે
" અલ્‌ હયાઓ શોઅબતું મિનલ ઇમાન "
હયા એટલે લાજ ઇમાનની શાખાઓમાંની
એક શાખા છે.

પરદો અને ઇસ્લામ.

રચી- છપાવી પ્રગટકર્તા:—

ખાકસાર મોહમ્મદ આરેફ દાખલી.

મુ. રાંદેર (જી. સુરત.)

આવૃત્તિ પહેલી. નકલ ૧૦૦૦

૨ જો જોમાદા સને ૧૩૩૦ હિજરી.

અમદાવાદ—ધી અમરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસમાં
પઠાણ નિઝામખાન નુરખાને છાપ્યું.

શરૂથી આખર સુધી વાંચવું એજ એની કિંમત છે. (મફત)

અર્પણ પત્રિકા.

આ મારૂં અદના પુસ્તક તય્યાર થઇ જવા બાદ સેવકના હૃદયમાં વીચાર આવ્યો કે એ કોને અર્પણ કરવું? તે ઉપરથી વીચાર કરતાં એકાએક ચમત્કાર રીતે મારૂં નાચીઝ હૃદય બોલી ઉઠયું કે, મારા મહાન માનવંતા બુઝુર્ગ રાંદેરવાસી મરહુમ મગ્ફુર જનાબ મૌલાના મોલવી હાજી હાફેજકારી ઇસ્માઇલ સાહેબની પવિત્ર આત્મા (રૂહ)ને અર્પણ કરૂં કે જેવણ એક ઘણાજ મુતકી પરહેજગાર અલ્લાહવાળા આલીમે બા અમલ અને સાથે અપક્ષપાત રીતે વઅઝ ફરમાવવાવાળા તેમજ ઘણા ખુશ ઇલ્ન-હાન કારી હતા, કે જેવણની કીરાઅત સાંભળવાને માટે રાંદેરના આસપાસ ગામડાઓ તેમજ શહેરના લોકો રાંદેરમાં આવતા હતા અફસોસ સદ અફસોસ કે અમો રાંદેરવાસીઓના કમનસીબે આવા બા અમલ મુતતકી પરહેજગાર ફાજેલ આ દારે ફાનીથી દારે બકાની તરફ તા. ૨૪ મી રબીઉલઅવલ ૧૩૩૦ હી. મુતાબેક તા. ૧૪ મી માર્ચ સને ઈ ૧૯૧૨ વાર જુમેરાતે હમે શાને માટે સી-ધારી ગયા.

ઈન્ના લીલ્લાહે વ ઇન્ના અલૈહે રાજેઉન.

છેવટે હું મારા આ અદના ચોપડીનો સવાબ આપની પવિત્ર રૂહને અર્પણ કરતાં ખુદાપાકથી દુઆ ચાહું છું કે ખુદાપાક આપને ગરીકે રહેમત કરે આમીન.

તારીખે વફાત જનાબ કુતબુત્તરીક વ ગૌસુલ ખલીક હજરત મૌલાના મૌલવી કારી હાફેઝ ઇસમાઇલ સાહબ તૈયબ-લ્લાહો મરકદહુ વ જઆલલ જન્નતા મસવાહુ.

(અઝ મીયાં હ઼ાશીમ બીન યુસુફ ભરૂચા.)

આહો ફરયાદ કીસકી રેહલતસે;
શોરો બેહદ કીસકી ઉલફતમેં.
એહલે સુરત વ એહલે ખીલવતસે;
કોસ વલીયે ખુદાકી ખુલ્લતમેં
હુરો ગીલમાં કયું સર ઝુકાયે શાદ;
તસલીમો કોરનીશ મુબારક બાદ.
ફર્શે ઝમીંકો સરે શાહ નેહાદ;
દસ બદસ્તા યે કીસકી ખીદમતમેં
ખબરે ફૌત હાફેઝ ઇસમાઇલ;
દુર્રે નાદીર બહુકમે રબ્બે જલીલ.
એહલે સુન્નતકે બરગુઝીરા ખલીલ;
થે જહાં તાજ બર્કે ઇફફત મેં.
શોર્કે બીદઅત વ કારે ફાસેકકો;
મીસ્લે ઝરગામ થે મીટાનેકો.
તોડદી કુફરીયત કી ઝુલમતકો;
શમ્શે બુર્જે અસદ થે હશમત મેં.
રબ્બે આલમકે રૂબરૂ હરબાર;
થી યે શીરીં મીકાલસે ગુફતાર.
વકેના રબ્બના અઝાબન નાર;
અયસે આલી ગૌહર થે તાઅતમેં.
બલદે સુફીયોં કે શાહ રહે.
આલીમાં મેંભી બે નઝીર રહે;
બુર્જે કુર્બ મેં મીસ્લે માહ રહે.
એહલે હશમત થે અયસે ખલઅતમેં
બેહરે તારીખ આં જનાબે રફીઅ.
કેહદો "હાશીમ" કે વો મુતીએ શફીઅ;
વો બલીગો ફસીહ સબીહો મલીહ.
જાબસે હેં યે કાબે જન્નતમેં;
૧ ૩ હી૦ ૬ ૦

પ્રસ્તાવના.

શરૂ અલ્લાહના નામથી જે મોટો દયાળુ અને રહેમકર્તા છે

સર્વે સ્તુતિ અને વખાણ અલ્લાહનેજ માટે છે, દુરૂદ અને સલામ હોજો તેના વહાલા નબીએ અકરમ, મોહમ્મદ પેગમ્બર (સલ) ઉપર અને તેવણની આલ અને ઓલાદ ઉપર અને તેવણના માનવંતા અંગીત મિત્રો (સહાબો) (રદી) ઉપર.

ત્યારબાદ મારી અદના અને નાનકડી ચોપડીના વાંચનાર સાહેબો ઉપર જાહેર થાય જે, આ ચોપડીની રચનાનું મૂળ કારણ એ થયું હતું કે આ ચાલુ સાલના બે ત્રણ માસ ઉપર ગુજરાતી વર્તમાનપત્રોમાં મધરાસવાળા કોઇ બેરીસ્ટર સાહેબે વીલાયતમાં ભાષણ આપતાં જાહેર રીતે એવો સવાલ ઉઠાવ્યો હતો કે, જો કોઇ પવિત્ર ઇસ્લામ ધર્મની રૂએ સ્ત્રીઓ માટે પરદો કરવા વિષે સાબીત કરી આપે તો તેને રૂ. ૧૦૦૦)નું ઇનામ આપવું. આ બાબત ઉપરથી મારા કેટલાક મિત્રોએ ભલામણ કીધી કે ઇનામ તો સવાલ કરનાર સાહેબની પાસેજ રહેવા દો અને તમો એનો જવાબ ધર્માદાજ આપી દો, આ ઉપરથી સેવકે આ ચોપડીની રચના મારા બુઝર્ગવાર મૌલાના મોલવી હાજી હાફેજ ગુલામમોહમ્મદ સાદેક સાહેબની સલાહ લઇને શરૂ કરી દીધી. ખુદાપાકનો લાખ લાખ શુકર છે કે હું એ લાયક તો નહી હતો પણ તેણે તેના ખાસ કર્મો ફજલથી આ બાબતમાં મદદ આપી મને આજે મારા મીત્રો તેમજ મારા દરેક મુસલમાન ભાઇઓની સેવામાં આ પુસ્તક રચી હાજર કરવાને શકિતવાન કીધો. અલ હમ્દો લિલ્લાહ.

છેવટે હું મારા વાંચનાર સાહેબોની માનવંતી સેવામાં અરજ કરૂં છું કે આ ચોપડીમાં કોઇ પણ પ્રકારની ભુલ ચુક થઈ ગઇ હોય તો મનુષ્ય ભુલને પાત્ર છે તે પ્રત્યે સેવકની ભુલચુકને માફીના વસ્ત્રમાં છુપાવી ક્ષમા કરશો.

જાહેર ખબર

નેચરી તથા અલીગઢવાળાઓના ખંડનના

વિચાર સુધારક (ગુજરાતી) એમાં મુસલિમ યુનીવરસિટીનું તથા અલીગઢવાળાઓનું ખંડન છે. કીં. આ૦ ૪.

ઇસલાહુલ ખિયાલ (ઉર્દુ) એમાં નેચરીઓના લેકચરોનું ખંડન છે. કી. આ૦ ૨ા

સર સૈયદકા ઇસ્લામ (ઉર્દુ) એમાં તેના બકવાનું વર્ણન છે. કી. આ૦ ૬.

કાલિજકા ઇસ્લામ (ઉર્દુ) એમાં અલીગઢ કાલિજનું વર્ણન છે. કીં. આ૦ ૩.

અલ કોલુસ સવાબ (ઉર્દુ) પરદાના બયાનમાં ઘણો ઉમદા રિસાલો છે. કીં. આ૦ ૧.

તનકીહુલ બયાન (ઉર્દુ) ભાગ પહેલો, એમાં સર સૈયદની તફસીર ભાગ ૧ લાનું ખંડન છે. કીં રૂ૦ ૨.

તનકીહુલ બયાન (ઉર્દુ) ભાગ બીજો, એમાં સર સૈયદની તફસીર ભાગ બીજાનું ખંડન છે. કીં રૂ૦ ૨.

અબદુર રહીમ બિ૦ ગુલામ મોહમ્મદ સાદેક.
મુ૦ રાંદેર જી. સુરત.

પરદો અને ઇસ્લામ.

પરદો અને ઇસ્લામ.

ઘણો મેહેરબાન રહમકર્તા અલ્લાહના નામથી.

આજકાલ યુરોપના દરેક સુધારા વધારા ઉપર અમલ કરવા વિષે કરી આપણા દેશમાં જે નવી નવી તકરારો ઉત્પન્ન થઈ ગઈ છે તેમાંની એક તકરાર પરદા વિષેની પણ છે. જો અગર પરદા બાબતની તકરાર ઉપર માત્ર અકલી દલીલોથીજ વાદવિવાદ કરવામાં આવતે તો તેના અંદર હમારે દખલ દેવાની કોઇ પણ પ્રકારની જરૂરત નહી હતી. લેકીન સાથે એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે પોતે ઇસ્લામ ધર્મમાં પરદો કરવા વિષેનો હુકમ નથી અને સાથે વળી બીજો એવો દાવો પણ કરવામાં આવ્યો છે કે આપણા હજરત

મોહંમદ પેગમબર (સલ) ના પછી તેવણુના ખલીફાઓની રાજસત્તાના ઝમાનામાં પણ પડદાની રસમનું નામો નીશાન પણ નહી હતું. એતો સલજુકી ખાનદાનવાળાઓના છેવટની રાજત્તાના ઝમાનામાં રસમ પામ્યો હતો ?

ઉપર લખી જણાવેલા પહેલા સવાલનો જવાબ તો આ પુસ્તકમાં હમોએ હરજત મૌલાના રશીદ અહમદ સાહેબે પડદા વિષેનો જે જવાબ લખેલો છે તે નકલ કીધેલો છે તેમાં ખુલાસાવાર આવી જશે, હવે રહ્યો બીજા નંબરનો સવાલ તો તેના વિષે કરી હમો હમારી નાચીસ અકલઅને સમજશકતી મુજબ લખી જણાવીએ છીએજ.

આજકાલના નવી ઢપની કેળવણી પામેલા અને સુધરેલા આપણા મુસલમાનભાઇઓ ગોતેબી પોતાને કેળવણી પામેલા જ્ઞાનવાન નિપુણ મુસલમાન સમજે છે તેવા સાહેબોના મોંઢાથી આવી વાત નીકળવી કે આ લાંબો બુરકો અને નીકાબનો રિવાજ ખલીફાઓના ઝમાનામાં નહી હતો એનો રીવાજ તો સલજુકી ખાનદાનની છેવટની રાજધાની સત્તાના વખતે રેવાજ પામ્યો હતો, અફસોસ ! સદઅફસોસ ! આપણા આ સુધરેલા મુસલમાન બંધુઓ ઉપર કે જેઓ હમારા આગલ લખી જણાવવા મુજબ પોતપોતાને એક પ્રવિણ અને જ્ઞાની મુસલમાન સમજે છે અને તે આજે આપણા પવિત્ર કુરઆન શરીફની કેળવણીથી તદનજ અંજાણ જો અગર એઓ જાણીતા હતે તો કદી પણ એઓના હ્રદયમાંથી આવા બેઅદબી ભરેલા સાદો નીકળતે નહી, કેમ જે સુરેનુરના ચોથા રૂકુમા તેમજ સુરે એહજાબના આઠમા રૂકુમાં પડદા વિષેનું ખુલ્લે ખુલ્લું બયાન આવેલુ છે, એ વતરોક હદીસ શરીફમાં પણ ઘણી જગ્યાએ એ વિષેનું બયાન આવેલું છે. જે હમો આગલ જતાં લખી જણાવશું.

નવી પ્રકારની કેળવણીથી કેળવાયલા આપણા મુસલમાન બંધુઓ ઇતિહાસિક ખબરોથી પણ મારેધારેના વાકેફ હોવા જોઇએ. કેમજે અગર જો એવણુ સાહેબો ઇતિહાસીક ખબરોથી થોડા ઘણાબી વાકેફગાર હતે તોપણ એઓના હ્રદયમાંથી આવા અપમાન ભરેલા બોલો કદી પણ નહી નીકલતે કે, ઇસ્લામમાં સ્રીઓને પડદો કરવાનો હુકમ નથી. ખેર, હમો એવા અંજાણ સાહેબોની તથા બીજા હમારા મુસલમાન ભાઇઓની જાણ માટે થોડા ઘણા તવારીખી દાખલા સહીત પવિત્ર ઇસ્લામ ધર્મમાં પડદા વિષે શું હુકમ આવેલો છે તે લખી જણાવીએ છીએજ કે, જેમાં અમારા વાંચનાર વર્ગને પણ થોડો ઘણો રસ મળશે!

પડદો બે પ્રકારનો થઇ શકે છે.

(૧) ચેહરો અને બધા શરીરનું ઢાંકવું.

(૨) મરદોની મજલીસમાં અને સોહબતોમાં સામેલ થવું નહી.

પહેલી પ્રકારનો પડદો અરબ દેશમાં ઇસ્લામ પ્રગટ થવા પ્રથમ પણ હતો, અને વધુ કરીને કુદરતી રીતે એનો રીવાજ પડવાની જરૂરતનું કારણ થઇ પડયું હતુ. પ્રથમ જ્યારે આ રીવાજની શરૂઆત થઇ ત્યારે કાંઇ સ્રીઓપર મુલતવી નહી હતું, કેમજે ઉપર લખ્યા મુજબ કુદરતી રીતે એની જરૂરત પડી આવવાથી એમાં પુરૂષો અને સ્રીઓ એકજ સરખાં હતાં અને વધુ કરી કહેવામાં આવે છે કે સર્વેથી પ્રથમ પડદાના રીવાજની અગત્ય જે પડી છે તે હિમયર નામના કબીલાવાળાઓને પડી છે, કે જેઓ યમન દેશના રહે-

વાશીઓ હતાં અને ત્યાંના સત્તા અધીકારો પણ હતા અને એ ખાનદાનવાળાઓની છરપે-નમાં પણ તે વખ હુકુમત કાયમ થઇ ગએલી હતી, અને ત્યાં એ લોકો **મુલસમીન** નામથી ઓળખાતા હતા. અને ધણીજ બળવાની સાથે હુકુમત કીધી અને મોટી મોટી જય પ્રાપ્ત કીધી છે, પણ એ લોકો પોતાના મોઢા ઉપર હમેશાં **નીકાબ** યાને **પડદો** નાખી રાખતા હતા. એટલાજ કારણુસર એ લોકો **મુલસમીન** કહેવાતા હતા, એ લોકોમાં યુસુફ બીન **તાસફીન** ઘણોજ જોરાવર અને બહાદુર બાદશાહ થઈ ગયો છે.

અલ્લામા ઇબ્ને ખલકાનએ પોતાના ભાષાંતરમાં આ રીવાજ કાયમ થવાનું કારણ નીચે પ્રમાણે લખેલું છે.

" હિમયરના કબીલાના લોકો સરદી અને ગરમીના કારણુસર મોઢા ઉપર નીકાબ નાખતા
" હતા, પ્રથમ ખાસ ખાસ લોકો આમ કરતા હતા, ધીમે ધીમ આમ લોકોમાં એનો
" રીવાજ ફેલાઈ ગયો "

મજકુર અલ્લામાએ એનો બીજો સબબ પણ લખી જણાવેલો છે તે એછે જે, હિમ-યરના કીબલાવાળાઓના સામું બીજા કોઈ વીરૂદ્ધ કોમવાળાઓ હતા, જેઓનો આ દસ્તુર હતો કે હિમયરવાળાઓ જ્યારે કોઇ કારણુસર પોતાના શહેર અથવા ગામોમાંથી બહારગામ જતા હતા તો એ લોકોના વીરોધીઓ એ લોકોના ઘર ઉપર લૂંટ ચલાવતા હતા, અને એ લોકોનાં સ્ત્રી બચ્ચાંઓને કેદ કરી લઇ જતા હતા, તો છેવટે લાચાર થઇને આ લોકોએ આ તદબીર શોધી કાઢી કે એકવાર સ્ત્રીઓ પુરૂષોના કપડાંઓ પહેરીને બહાર જાય અને બધા આપણા પુરૂષો મોઢા ઉપર નીકાબ નાખી સ્ત્રીના વેશમાં ઘરમાં બેસે અને આ લોકો લુંટ કરવા આવે ત્યારે એ લોકો સાથે મુકાબલો કરવો.

હિમયર કબીલાવાળાઓની આ યોજના ઘણીજ કારગર થઇ પડી અને એ લોકો એજ પ્રમાણે ગોઠવણ કરી પોતાના ઘરોમાં બેઠા અને દુશમનો પણ રાબેતા મુજબ લુંટ કરવાને આવી પહોંચ્યા અને એ લોકોએ તે લોકો સાથે ઘણી દીલેરી સાથે મુકાબલો કર્યો અને બધા શત્રુઓને ઠાર કરી નાંખ્યા.

હિમયરવાળાઓની જય પોતાના શત્રુઓ સાથે નીકાબના કારણુસર થઇ હતી માટે કરી તેની યાદગાર કાયમ રાખવા માટે પુરૂષોમાં પણ એ રસમનો રીવાજ કાયમ રહેવા દીધો અને તે અહીંઆં સુધી કે ઇસ્લામ પ્રગટ થઇ જવા પછીબી આ કબીલાના પુરૂષો અને સ્ત્રીઓ મોઢા ઉપર નીકાબ નાખતાં હતાં.

ઇસલામ અરબ દેશમાં હજુ પ્રગટ નહી થયું હતું તે પ્રથમની હાલત જાણવા માટે સર્વેથી સરસ તે વખતના કવીઓની કવીતા છે, જેમાં તે વખતના કવીઓએ પોતાના ઝમાનાની સારી રસમની તારીફ કીધેલી છે **રબી બીન જીયાદ** અબસી જે જાહીલીય-તના ઝમાનાનો એક મશહુર શાએર છે, તે **માલેક ઇબ્ને ઝુહેર**ના મરસીયામાં લખી જણાવે છે.

અરબી ઉપરથી ભાષાંતર.

જે માણુસ માલેકના કતલથી ખુશ થયો હોય, તે હમારી સ્ત્રીઓને દીવસમાં આવીને જુએ.

તે જોશે કે હમારી સ્ત્રીઓ આક્રંદ કરી રહી છે, અને પોતાના મોઢાઓ ઉપર થાપ-ડીઓ મારી રહેલી છે.

તેઓ શરમ અને લાજથી નિત્ય પોતાના ચેહરાઓ છુપાવતી હતી.

પણ આજે હમેશા મુજબ વિરૂદ્ધ જોવા વાળાઓના સામું બેપડદગીને સાથે આ-વેલી છે.

ઉપલી કવીતા વિષે કરી **અલ્લામા તબરેજીએ તસતોરનનો શબ્દ જે આ કવી-તામાં આવેલો છે. લખી જણાવે છે કે, ઉય-યતન-વ-હયાઅ' યાને તેણીઓ લાજ અને શરમને લીધે કરી પોતાનો ચેહરો છુપાવતી હતી.**

બીજો એક કવી પોતાના શત્રુઓને જેનું નામ સીરત બીન ઉમર ફકસી હતું પોતાની કવીતામાં મેણું મારતાં કહે છે

લડાઈમાં તમારી સ્ત્રીઓના ચેહરા ખુલી ગએલા હતા
એટલાજ માટે તેઓ દાસી માલમ પડતી હતી
જોકે તેઓ ગૃહણીઓ હતી.

ઉપર લખી જણાવેલા કવીઓની કવીતા જેવી બીજા ઘણા કવિઓની કવીતાઓછે પણ આ સમય હમો તેને લખવા બેસીએ તો એક મોટું દફતર ભરાઇ જાય. માટે ટુંકમાં તેનો સાર જણાવતા લખી જણાવીએ છીએજ કે ઇતિહાસથી પણ આપણી જાણમાં આવી ગયું કે, પડદાનો રીવાજ અરબ દેશમાં ઇસલામ જાહેર થવા પ્રથમ હતો, અને એ વિષે કરી ઇસ્લામી તવારીખોથી જાણવામાં આવેછે કે ઇસ્લામ પ્રગટ થવા પ્રથમ પણ અરબ લોકોએ પોતાની અજ્ઞાનપણાની હાલતમાંબી પોતાના પહેરવેસોમાં ઘણો સુધારો વધારો કર્યો છે.

ત્યારબાદ હવે ઇસ્લામનો દોર આવ્યો તો ઇસ્લામે તેમાં જે સુધારો વધારો અને ફેરબદલ કીધો તેનો ખુલાસો હમો નીચે લખી જણાવીએ છીએજ.

ઇસ્લામે પેહેલો સુધારો તો એ કીધો કે, અજ્ઞાનપણાની હાલતમાં એ લોકોની ગીરે-બાન યાને કુડતાના ગળાના ચાક ઘણા ચોડા થતા હતા જેમાંથી છાતીનો ભાગ નજરે પડતો હતો, તેના ઉપરથી સને (૫) હી૦ માં આ આયત શરીફ ઉતરી.

(વલ યદ રીબના બેખોમોરેહીન્ના, અલ્લા જીયુબેહીન્ના.)

તરજુમો—તેણીઓને જોઇએ કે પોતાની ઓઢણીઓ પોતાના ગીરેબાનો ઉપર યાને કુડતાનો ચાકવાળો ભાગ જે છાતી ઉપર ખુલ્લો રહેછે તે ઉપર ઓઢણીઓ નાખી લયા કરે.

ઉપલી આયત વીષે કરી (ઐનીએ બુખારીની શરાહમો આ મોકા ઉપર નીચે પ્રમાણે લખેલું છે.)

અલ્લામા ઐની લખી જણાવે છે કે, આ આયત શરીફ એટલા માટે ઉતરી યાને નાજીલ થઇ કે તેણીઓના કુડતાના ગલાના ચાક ચોડા થતા હતા, જેના લીધે કરી તેણી-ઓના સીનાનો યાને છતાંનો અંદરનો ભાગ પણ દેખાઇ જતો હતો અને તેણીઓ ઓઢ-ણીને પીઠ તરફ નાંખી દેતી હતી, તેને માટે કરી તેણીઓની છાતીનો ભાગ દેખાઇ જતો

હતો માટે હુકમ થયો કે તમારી ઓઢણીઓ સામે નાંખ્યા કરો કે જેનાથી કરી તમારી છાતીનો ખુલ્લો ભાગ ઢંકાઈ જાયા કરે ?

નીકાબ અને બુરકાનો રીવાજ અગરચે હમો પહેલાં જે પ્રમાણે લખી આવ્યા છીએ જ તે પ્રમાણે પ્રથમથીજ ચાલુ હતો પણ મદીના મુનવવરામાં યહુદીઓની સાથે ભાઈચાશનો સબંધ થઈ જવાને વિષે કરી પડદાનો રીવાજ કમ થતો ગયો, અકસર સ્ત્રીઓ ચેહરો ખુલ્લો રાખી બહાર નીકલતી હતી. તેના ઉપરથી નીચલી આયત શરીફ ઉતરી.

યા ઐયોહન નબીયો કુલ્લે અઝવાજેકા વ, બનાતેકા વ-નીસાઇલ મુઅ્મીના યુદનીનાં અલૈહીન્ના મીનજલાબી બેહીન્ના.

ઉપલી આયત શરીફ ઉપર ત્રણ પ્રકારથી વાદવિવાદ થઇ શકે છે.

(૧) આયતની શાને નુઝુલ શું છે.

(૨) આયતના અર્થ શું છે.

(૩) આ આયત શરીફ નાઝેલ થવા પછી સહાબા (રદી)નો તરીકો અમલ એના ઉપર કેવી પ્રકારનો હતો, શાને નુઝુલ વિષે કરી તફસીર ઇબ્ને કસીર જે મોહદ, દસાના તફસીર છે તેમાં આવી રીતે ખુલાસો છે.

મદીના મુનવવરામાં બદમાસોનું એક ટોળું હતું, જે રાત્રીના અંધારામાં નીકળતુ હતું અને સ્ત્રીઓને છેડતું હતું. મદીનાના ઘરો તે વખતે સાંકડા અને તંગ હોવાને લીધે કરી સ્ત્રીઓ પોતાની હાજત રફા કરવાને માટે કરી વાગડે જતી હતી, તે વખતે આ બદમાસો તેણીઓ સાથે બુરો ઇરાદો કરતા હતા. અને જે સ્ત્રીને પીછોડીથી ઢંકાએલી જોતા હતા તો તેને ગૃહણી સમજીને છોડી દેતા હતા. અને જેઓને ખુલ્લી જોતા હતા તેણીને દાસી કહેતા હતા કે, એણીતો દાસી છે, એમ કહી તેણીના ઉપર બળાત્કાર કરતા હતા.

તબકાત ઇબ્ને સાઆદ જે ઘણીજ પુરાની યાને ત્રીજી સદી હીજ્રીની રચના છે તેમાં પણ ઉપલા ખુલાસાને મળતો ખુલાસો લખી જણાવેલો છે. તે આ પ્રમાણે છેઃ—એક મુનાફેક હતો તે મુસલમાન ઓરતોની મશકરી કર્યા કરતો હતો. જ્યારે તેને કહેવામાં આવતુ હતુ ત્યારે તે તેના જવાબમાં એમ કેહતો કે મેંતો તેણીને લોંડી સમજીને એ પ્રમાણે કર્યું, તે ઉપરથી ખુદાનો હુકમ થયો કે મુસલમાન ઓરતો પોતાની હાલત દાસીઓ જેવી નહી રાખે, અને પોતાની ઓઢણીઓ એવી રીતે ઓઢે કે, માત્ર આંખો વતરોક બધું મોઢું ઢંકાઇ જાય.

આ બધા ખુલાસા ઉપરથી એમાંની ખાસ એક બાબતને યાદ રાખવું જોઇએ કે ઇબ્ને કસીરના ખુલાસાથી આટલું તો જણાઈ ગયું કે અરબ દેશમાં ગૃહણી સ્ત્રીઓ અને દાસીઓના લીબાસમો ફરક હતો યાને ગૃહણી સ્ત્રીઓ ઓઢણીથી પોતાનું મોઢું છુપાવતી હતી અને ઇસ્લામ પ્રગટ થવા પ્રથમના કવીઓની કવીતા ઉપરથી પણ એજ બાબત જણાઇ આવેછે. અને સાબેત થાય છે, જેમકે એક જાહેલ કવીએ કહેલું છે કે...

> તમારી પત્નીઓના મોઢાઓ લડાઈના મેદાનમાં ખુલેલાં હતાં.
> એટલા માટે કરી તેણીઓ દાસીના જેવી દેખાતી હતી. જોકે તેણીઓ દાસી નહી હતી

પડદા વિષે કરીને જે આગળ આયત શરીફ લખવામાં આવેલી છે. જેના ઉપરથી આ બધી વાદવિવાદ થઇ તેમના બે શબ્દોના અર્થ વિષે કરી કાંઇ હજુ વાદવિવાદ થઇ શકે છે. તે આ છે-જીલબાબ અને ઇદના જીલબાબના અર્થ વિષે કરી. જોકે પાછલા બોલનાર વચનો નકલ કરવામાં આવેલાછે, પણ ખરી અને તાહકીક કીધેલી હકીકતો એજ છે જે જીલબાબ એક પ્રકારનો બુરકો અથવા ચાદર હતી જે બીજાં કપડાંઓ કરતાં ઘણીજ વિશાળ અને પોહળી હતી જેનાથી કરી તે બધા કપડાઓ ઉપર પડદા તરીકે ઓઢવાના કામ માટે વાપરવામો આવતી હતી. જે પ્રમાણે આજકાલ તુરકી ખાતુનો બીજા બધા કપડાઓ પહેરીને તેની જીનત છુપાવવા માટે ફરાજા નામનો બુરકો વાપરે છે.

તફસીર અબ્બાદ બીન કસીરમાં લખેલું છે કે, જીલબાબ તે ચાદરને કહે છે કે ખુમાર યાને જે ઓઢણીના ઉપર ઓઢવામાં આવે છે તેમજ નીચે જણાવેલા સાહેબોનો મત પણ એજ પ્રમાણેનો છે.

૧ અબદુલ્લા બીન મસઉદ, ૨ ઓબેદા, ૩ હસનબશરી ૪ સઇદ બીન જબીર ઇબ્રાહીમ ન. ખ. ઇ. ૫ અતા ખુરાસાની ઈત્યાદી સાહેબો પણ જીલબાબના એજ અર્થ કરે છે.

હવે રહ્યો બીજો શબ્દ ઇદનાઅ તોઇદના અને જીલબાબના અર્થો વિષે તમામ મુફસ્સરીનો કે જેઓ ફને લુગતના પણ ઇમામ હતા. ચેહરો છુપાવવા વિષેનાજ અર્થ લખી જણાવે છે.

હજરત અબદુલ્લા ઇબને અબ્બાસ જેવણુ આપણા હજરત મોહમ્મદ પેગમબર (સલ) ના સહાબી અને ફને તફસીરમાં તમામ સહાબાઓ ઉપર માન ધરાવતા હતા તેવણુનો કોલ તફસીર ઇબને કસીરમાં અલી ઇબને તલહાથી રીવાયત કરેછે કેઃ—

તરજુમો.

ખુદાએ મુસલમાન ઓરતોને હુકમ કર્યો છે કે જ્યારે તમો ઘરમાંથી કાંઈ કામ માટે નીકળ્યા કરો તો માથા ઉપ થી ઓઢણી ઓઢીને ચેરો છુપાવી લીયા કરો. માત્ર એક આંખોજ ખુલ્લી રાખો.

આ સમયે છેવટે અમો અમારૂં લખાણ પુરૂં કરતાં અમારા તે નવજુવાન બંધુઓ જેઓએ સુધરેલા ઢબની કેલવણીથી કેળવાઇને પોતાને પોતે પ્રવીણ મુસલમાન સમજે છે અને કહે છે કે ખલીફાઓના વખતમાં યાને આપણા હજરતની વફાત પછી પણ પડદાની રૂઢીનું નામો નીશાન નહી હતું એતો પાછળથી રીવાજ પડ્યો હતો કરી કેહવાવાળાઓને શું હજુ પણ કાંઇ શંકા બાકી છે?

માત્ર પરદા વિષે કરી હજરત મૌલાના રશીદ અહમદને પુછવામાં આવેલો સવાલ અને તેના જવાબનું ભાષાંતર.

સવાલ

સ્ત્રીઓના કયા કયા અવયવોનો શરીઅતના હુકમ પ્રમાણે ઢાંકવા વિષેનો હુકમ આવેલો છે અને કયાં કયાં નહી. પારકી સ્ત્રીઓને પારકા પુરૂષોથી કયા કયા આજ્ઞાઓ

છુપાવવા જોઇએ અને કયા કયા નહી એનો હવાલો કીતાબ અને દાખલા દલીલો સહીત લખી જણાવશો.

બીજું એ જે કુરઆન શરીફમાં તો "વ કરના ફી બેયુતે કુન્ના"થી મુરાદ યાને હેતુ તો સ્ત્રીઓને ઘરમાં રહેવા વિષેનો જણાયલો છે, અને વળી તે પણ ખાસ કરી આપણા હજરતની પવિત્ર બીબીઓ માટે છે. માટે કરી બીજી સ્ત્રીઓ એમાં કેવી રીતે દાખલ થઇ શકેછે કેમજે એનાથી કંઇ થોડી આગળ આ આયત શરીફ આવેલી છે.

યા નીસાઅન નબીએ લસતુન્ના ક અ હદીમ મિનન નીસાએ

તેમજ એના વતરોક બીજી જે આયતો પડદાવિષેની કુરઆન શરીફમાં જે આવેલી છે એનાથી બહાર નહી જવા વિષેનું લખાણુ તો કાંઇ નહી જણાતું તેમજ આપણા હજરત રીસાલતપનાહ એતો સ્ત્રીઓને બહાર જવાની રજા આપેલી છે, જેમકે મુસલીમ અને બુખારીમાં મોજુદ છે કે ઔરતો નમાઝમાં જમાઅતની સાથે દાખેલ થતી હતી અને અરબ દેશમાં હમણા લગણુ પણુ એજ રીવાજ છે અને ફેકોહાઓના લખાણુથી પણુ એજ પ્રમાણે જણાય છે કે ઔરતોનો ચેહેરો અને હાથ એ શતરમાં દાખેલ નથી. તો આ હુકમ પ્રમાણે તો ઔરતો ખુલ્લે ચેહરે બહાર નીકળી શકે છે અને કીયાસ પણુ એજ કબુલ રાખે છે કે ઔરતો ચેહરો ખુલ્લો રાખીને બહાર ફરે હરે નહી, તો તેણીઓ પોતાની હાજતો રફા યાને પુરી કરવાને માટે ઘણી અશકત થઈ પડશે. માત્ર આનો જવાબ ખુલાસાવાર દાખલા દલીલો સહીત મલવો જોઇએ.

અલ, જવાબ.

શરૂ અલ્લાહુના નામથી.

આઝાદ યાને સ્વતંત્ર ગૃહણી સ્ત્રી માથાથી લઇને કે પગના નખ સુધી, ઔરત છે, યાને ઔરતના શબ્દના અર્થ એ થાય છે કે પોશીદા કરવું. છુપાવવું એટલાજ માટે કરી સ્ત્રીને ઔરત કહેવામાં આવેલી છે અને તેનું કુલ શરીર ઉપર કહેવા મુજબ છુપાવવાના કાબીલ છે તેના લીધે કરી તેના ઉપર શહવતની નીગાહથી નજર કરવું હરામ છે તેમજ તમોને શંકા થાય જે તેના તરફ જોવાથી શહવતનો ગલમો થાશે તો તેવી હાલતમાં સ્ત્રીનું પોસીદા યાને પડદાથી રહેવું વાજેબ છે મગર જરૂરતના વખતે કે જેના વગર ચાલીજ નહી શકતું તે વખતે ચેહરો ખુલ્લો રાખવાને માટે છુટ આપવામાં આવેલી છે. હવે રહ્યું એકે, તમારા તે સવાલનો જવાબ કે આમ સ્ત્રીઓને માટે પડદા વિષેનું કયાં લખેલું છે અને તે કેવી રીતે દાખેલ થઈ શકેછે? તેનો જવાબ નીચે પ્રમાણે છે કે સુરેનુરના ચોથા રૂકુમા અલ્લાતઆલા ફરમાવે છે.

તરજુમો.

કહીદો અય મારા હબીબ, મોમીન મરદોને કે પોતાની આંખો બંધ કરે અને રોકી રાખે યાને પારકી સ્ત્રીઓ ઉપર નીગાહ કરવાથી અને તેમજ પોતાની પેશાબગાહોની સંભાલ રાખે. અને એજ પ્રમાણે મોમીન ઔરતોને પણુ કહીદો કે પોતાની આંખો બંધ રાખે પારકા પુરૂષોને જોવાથી અને પોતાની ખાસ જગ્યાઓની સંભાલ રાખે.

મજકુર આયત શરીફમાં પ્રથમ હુકમ મરદોને કર્યો કે પોતાની નેત્રો બંધ કરો અને તમારી શરમગાહઓની સંભાળ કરો, મજકુર આયત શરીફમાં પ્રથમજ ખુદાપાકે આંખો બંધ કરવા વિષેનો શબ્દ માત્ર ઇરશાદ ફરમાવેલો છે. નકે તેની સાથે એવી શરત રાખેલી છે કે ફલાણો અમુક અવયવ નહી જોવા માટે તમારી આંખો બંધ કરો. આથી સાફ ખુલ્લી રીતે સાબેત થાય છે કે સ્ત્રીના કોઇ પણ અવયવને સહવતની નીગાહથી જોવું હરામ છે, અને તેમાં ખાસ કરી મુંખ મંડળ યાને ચેહરો જે સ્ત્રીના આખા શરીરમાં સૌથી વધારે લોભાવી દેવાવાળો હોય છે જેમકે કહેવામાં આવે છે કે ફલાણી સ્ત્રી ઘણી ખુબસુરત છે. ગોયા ખુદાપાકે ખાસ તેના હાથે આ સુરત બનાવેલી છે ગોયા સાંચામાં ઢાળી દીધેલી છે મતલબ આથી સાર એ નીકળ્યો કે સ્ત્રીઓએ પારકા પુરૂષની આગળ ખુલ્લા મોઢે રહેવું મોટુ જોખમ ભરેલું કાર્ય છે જેનાથી ખોફ છે કે ફીતનો અને ફીસાદ ઉત્પન્ન થાય.

બીજુ આ મજકુર આયત શરીફથી એ પણ સાબેત થાય છે કે પારકી સ્ત્રીના કોઈ પણ અવયવને પારકા પુરૂષે યાને નામહરમ મરદને જોવું જીના યાને હરામખોરી કરવાના તરફ ખેંચાણ કરે છે. દાખલા તરીકે એક પારકી સ્ત્રીના મેહદી લગાડેલા હાથ અને પગ નજરે પડયા તો જરૂર છે કે તે તરફ પુરૂષનું ખેંચાણ થશે એવીજ રીતે બીજા અવયવનું પણ સમજી લેવું. અને એવી બાબતોથી દરેક પુરૂષોનું બચવું મુશકેલ છે. એટલાજ માટે કરી જનાબ રીસાલત મઆબ (સલ્લ) એ પણ નામહરમ મરદની સાથે યાને જેની સાથે શરીઅતના હુકમ પ્રમાણે નીકાહ થઈ શકે તેની સાથે એકલાપણામાં જ્યાં કોઇ નહી હોય ત્યાં બેસવું હરામ ફરમાવેલું છે નકલ કરવામાં આવેલું છે કે, શેતાન એ જનાબ હજરત મુસા (અલૈ)ને એક કીસ્સામાં એવી વાત દેખાડેલી છે કે, જ્યારે નામહરમ સ્ત્રી અને નામહરમ મરદ બન્ને જ્યારે એકલાપણામાં માત્ર એકઠા થાય છે ત્યારે હું એક બીજાની સાથે ગુનોહ કરાવવા માટે મારી પુરતી યુકતી ખરચ કરૂ છું અને એજ પ્રમાણે આતો ખુલ્લું છે કે ઔરતો અને મરદમાં એકબીજાની તરફ સ્વભાવિક રીતે ખેંચાણ થાય છે. માટે કરી આવી સ્થિતીમાં સ્ત્રીને બેપરદગીથી રહેવું મોટું ભય ભરેલું છે. માટે કરી એક બીજાને નહી જોવા માટે કરી આંખો બંધ કરવાનો હુકમ ખુદાપાકે ફરમાવ્યો. અને આગલ જતાં બીજી જગ્યાએ એ વિષે કરી સાફ ખુલ્લો હુકમ કીધેલો છે કે.

યા ઐયોહન નબીયો કુલ્લે અઝવાજેકા વ બનાતેકા વ નેસાઈલ મુઅમેનીના યુદનીના અલૈહીના મીનજલાબી બેહીન્ના.

જુઓ સુરે. અલએહઝાબ રૂકુ આઠમો.

તરજુમો.

અય મારા હબીબ, તમારી પત્નીઓને તથા પુત્રીઓને તથા મુસલમાન સ્ત્રીઓને કહીદો કે તમો તમારી ઓઢણી ઓઢયા કરો.

સાહેબે કશશાફ મજકુર આયત શરીફના સ્પષ્ટી કરણ અર્થનું વર્ણન કરતા કહે છે કે, **યુદનીના અલૈહિન્ના મીન જલાબીબેહીન્નાનો** ખુલાસાવાર ભાવાર્થ એજ થઇ શકે છે કે તમારી ઓઢણીઓને લટકાવો અને તમારા ચહેરાને છુપાવી દોx આ

x કુપલા લખાણમાં આવેલા શબ્દ જલાબી બેહીન્નાનું વર્ણન પૃષ્ટ ૭-૮ માં પણ ખુલાસાવાર દલીલો સાથે આવેલું છે તે જુઓ.

ઉપરથી સૂર્યનું જેમ પ્રકાશ થઇ ગયું કે તમામ મોમીન સ્ત્રીઓને ઘરમાં બેસવું ફરજ છે, બહાર નીકળવું ગુનોહ (પાપ)નું સાધન છે અને ફીતનો ફીસાદ થવાનો અંદેસો યાને ડર રહે છે, કેમકે જ્યારે સ્ત્રી બહાર નીકળે તો એક બીજાને નહી જોવા માટે આંખો બંધ કરી લેવી એ બહુજ મુશકેલનું કામ છે. એટલાજ માટે જનાબ રીસાલત (સલ)એ ફરમાવ્યું કે સ્ત્રી માથાથી તે પગ સુધી સતર છે યાને છુપાવવાને યોગ છે, કેમકે તેણી જ્યારે બહાર નીકળે છે ત્યારે તેણીની સાથે શેતાન ગુનાહ કરાવવા માટે તઇયાર રહે છે. આ આપના ફરમાનથી પણ સાફ ખુલી રીતે જણાય છે કે સ્ત્રીઓનું કુલ બદન છુપાવવાને લાયક છે, એજ પ્રમાણે બીજી જગ્યાએ ઉમ્મે સલમા (રદી)થી રીવાયત છે તેવણ સાહેબ ફરમાવે છે કે, હું અને મેમુના (રદી) હજરત (સલ)ની સેવામાં બેઠી હતી અને એવામાં અબદુલાહ ઇબ્ને ઉમ્મે મકતુબ આંધળા પધાર્યા, ત્યારે આપે હમોને હુકમ કર્યો કે તમો એનાથી પડદાની આડમાં થઇ જાઓ. ત્યારે અમો બંનેમાંથી મેમુનાએ અરજ કરી કે યા રસુલુલ્લાહ (સલ) શું એવણ આંધળા નથી? નતો એવણ અમોને જોઈ શકતા કે નતો એવણ અમોને ઓળખી શકતા. ત્યારે આપે ફરમાવ્યું કે એવણ આંધળા છે પણ તમો તો આંધળા નથી? સાર એ જે આ હદીસ શરીફમાં સ્ત્રીઓને પુરૂશો તરફ નહી જોવાને માટે કરી કેટલી બધી બીક યાને ધાસ્તી બતાવેલી છે. છેવટે ઉપલા વર્ણનને લગતી આ એક બાબત રહી ગઇ કે સાએલે સવાલ કર્યો હતો કે, વકરના ફી બેયુતે કુન્નાથી મુરાદ તો હજરત (સલ)ની ખાસ પવિત્ર બીબીઓને ઘરમાં રહેવા વિષેનો છે તો તેના જવાબમાં મૌલાના સાહેબ લખી જણાવે છે કે, આ આયતે શરીફ જો કે આપની પવિત્ર બીબીઓને માટે ઉતરી પણ તેના ઉપર અમલ કરવાનો હુકમ આમ ઉમ્મત સ્ત્રીઓપર પણ છે. એનું ખુલાસાવાર બયાન એવી રીતે છે કે, જ્યારે ખુદાપાકે ઇરશાદ કર્યો કે, એ નબીની પત્નીઓ જે કોઇ તમોમાથી ખુલી રીતે બેહયાઇનું કામ કરવા ચાહે તો તેને ડબલ સજા કરવામાં આવશે અને અલ્લાહપર એ બાબત સેહલી છે યાને તમો નબીની પત્ની થવાને લીધે કરી કાંઇ અલ્લાહને અજાબ કરવાથી રોકાણ નથી અને જે કોઈ તમારામાંથી તાબેદારી કરે અલ્લાહ અને રસુલની અને સારા કામો કરે તો તેના બદલામાં તેને સવાબ પણ ડબલ મળશે અને અમોએ તેનો સરસ બદલો આખેરતના દીવસે તઇયાર કીધેલો છે. આ ઉપરથી શંકા એ થાય છે કે એવણને ડબલ અજાબ અને સવાબ કેમ થાયછે તો તેની શંકા દુર કરવાને માટે હુકમ થાય છે કે,

લસતુન્ના કઅહદીમ મીનન્નીસાએ

તરજુમો-કેમ જે તમો માનવંતી પવીત્ર બીબીયો યાને અહલેબેત નબી (સલ)ની છો તો તમોને સવાબ અને અજાબ બીજી સ્ત્રીઓ કરતાં બમણો થવો જોઇએ, અને મોટો ગુનોહ મહાત્માઓથી નહી થાય એમ થઇ શકે છે, કેમજે મહાત્માઓમાં સેવા બજાવવાનો ભાગ અને નિતિ પણ વધુ રહે છે અને એમાં પણ એક બાબતની શંકા રહે છે કે, અમો તો મહાત્મા અને અહલેબેત નબી (સલ) છીએ તો અલ્લાહ તઆલાએ શંકા દુર કરવાને ઇરશાદ ફરમાવ્યું કે **એનીત તકે તુજા ફલા તખદાના બિલકોલે,** યાને તમને પરેજગારી અને તકવો વધુ જરૂરત છે અને તેમજ તમો અલ્લાહના કોપથી બીહો છો અને અલ્લાહના ક્રોધથી બચવા ચાહો છો તો વાતચીત એવી પ્રકારની ન કરો કે જેનાથી

સામેવાળાના દીલમાં વ્યભિચારી ભાવ આવી જાય અને જેનાથી ફીતનો ઉત્પન્ન થાય અને એવી વાતચીત ગુનાહનું મૂળ થઈ પડે અને ઉમ્મત ઉપર પણ એ બાબત પ્રગટ છે કે આવી સ્ત્રીઓને પણ એવી રીતે વાતચીત કરવાની મનાઈ છે. સામેવાળા પુરૂષના દીલમાં તેના તરફથી ચાહત પેદા થાય એટલાજ માટે કરી ઇરશાદ થએલો છે. કે ઓરતનો અવાજ પણ પરદામાં દાખલ છે યાને વગર કારણુસર કોઇ સાથે યા કારણુસર નરમાસ ભરેલી મીઠી મીઠી વાતો કરવી હરામ છે, પણ હા, જ્યારે કામ પડે તો સખતીને સાથે સાદને ભારે બનાવી કરડી નીગાહથી વાત કરે અને સામેવાળાના દીલમાં ફીતનો ફીસાદ થવા પામે નહી. વળી સાથે આ હુકમ થાય છે કે, **વકરના ફીબોયુ તે કુન્ના વલા તબર્રજના તબરરો જલ જાહેલીયતીલ ઉલા,,**

તરજુમો–યાને તમો તમારા ઘરોમાં સ્થીર રહો અને અજ્ઞાન યાને આગલા જહાલીયતના ઝમાના મુજબ બનાવ સીંગાર કરીને પારકા પુરૂષોને દેખાડતી ન ફરો, અને **વઆકીમ નસ સલાતા વઆતીનઝ ઝકાત વા તે અનઃલ્લાહા વરસુલોહુ!** યાને નમાઝ પડો અને ઝકાત આપો અને અલ્લાહ અને તેના રસુલની ફરમાબરદારી કરો.

છેવટ સાર એ જે એવી કેટલીક આયતો છે જેનો હુકમ હજરતની અહલેબેતને માટે આવેલો પણ તેના ઉપર અમલ કરવાનો આમ હુકમ છે.

અલ જાહેલીયતીલ ઉલા જેનો તરજુમો ઉપર બયાન થઇ ચુકયું, કેમજે જહાલીયતના ઝમાનામાં એવીજ રીતે થતું હતું કે વગર જરૂરતે બનાવ સીંગાર કરી સ્ત્રી બહાર ફરતી હતી અને એકબીજામો પારકા પુરૂષ સાથે વાતચીતમાં હસી મશકરી કરતી હતી અને અવાજ કરવાવાળું ઝેવર પહેરતી હતી. જેનાથી તે વ્યભીચારી બાબતો થતી હતી. આ પ્રમાણેથી બહાર સ્ત્રીઓનું નીકળવું હરએક અકલમંદ મોમીન જાણી શકે છે કે આમ મુસલમાન સ્ત્રીઓને પણ હરામ છે એમાં કાંઇ નબી (સલ્લ)ની પવિત્ર બીબીઓ માટે ખાસ પણું નથી, માટે કરી આ કામ ત્યાં લગણ નહી થઇ શકતું કે સ્ત્રીઓ ઘરમાં બેસે નહી અને જો અગર તેવું બહુજ અગત્યનું કામ પડી આવે કે જેના વગર ચાલીજ નહી શકતું તો તેને માટે છુટ આપવામાં આવેલી છે પણ બહાર નીકળતી વખતે બનાવ સીંગાર નહી કરે પોતાના બદનને પરદાદારી યાને બુરકામાં ઢાકેલું રાખે અને બુરકો પણ ફેસીનેબલ નહી હોવો જોઈએ. બલકે મેલો કચોલો એક સાદા કપડાંનો હોવો જોઇએ. કારણ કે ફેસીનેબલ અને ફેન્શી બુરકાનું હોવું એ પણ ઝીનતમાં દાખલ છે અને ઝીનતથી પણ ફીતનો ઉત્પન્ન થાય છે માટે કરી દરેક મુસલમાન સ્ત્રીઓને જેમાં ફીતનો ફીસાદ અને વ્યભિચારી બાબતો થવાનો ખોફ હોય એવી બાબતોથી બચતા રહેવું જોઇએ તોજ તે પતિવ્રત કહેવાશે,

છેવટે બાકી રહી તે સવાલની બાબત કે નબી સાહેબે મસજીદમાં આવવા વિષે અને નમાઝ પડવા વિષે હુકમ ફરમાવેલો છે તો તેનો ખુલાસો આ છે કે સાથે આપે આમ પણ ફરમાવેલું છે કે,

કાલન નબીઓ (સલ્લલા) લા તમનઉ નીસાઅકુમ મસાજેદા વ બોયુત હુન્ના ખેરૂલ લહુન્ના.

તરજુમો—યાને તમારી સ્ત્રીઓને મસજીદમાં આવવાથી રોકો નહી પણ એણીઓને મસજીદમાં આવવા કરતાં ઘરમાં નમાઝ પડવી બેહતર છે.

ઉપલી હદીસ શરીફથી સાફ ખુલ્લી રીતે માલુમ પડેછે કે સ્ત્રીઓનું બહાર જવું એ ફીતના ફીસાદથી ખાલી નહી એટલાજ માટે કરી પાછળથી આપે કહ્યું કેમસજીદમાં જવા કરતાં એણીઓને ઘરમાં નમાઝ પડવી બેહતર છે અલ્લાહના નબીનું કલામ કદી ખોટું થઇ શકતું નથી માટે દરેક મુસલમાનોને વીચાર કરવાનો છે કે, ખરી વાત અલ્લાહ... રસુલની કે આજકાલના આપણા આ નવી કેળવણી પામેલા બંધુઓની.

પરદા વિષે કરી બીજી પરચુરણ હદીસો.

(૧) હજરત ઉકબા બીન આમેર (રદી)થી રીવાયત ફરમાવ્યું જનાબ રસુલે ખુદા (સલ) એ કે સ્ત્રીઓ પાસે આવજાવ કરવાથી બચાવ કરો. ત્યારે એક માણસે આપને પુછ્યું કે, યા રસુલ અલ્લાહના દેવરનાના હકમાં આપ શું ફરમાવો છો! યાને દેવર પોતાની ભાબી પાસે જાય તો કેમ? તો આપે ફરમાવ્યું કે એ તો પુરૂં વિષ છે. **મીશકાત શરીફ.**

(૨) હજરત **ઉમર** (રદી)થી રીવાયત છેકે ફરમાવ્યું રસુલે ખુદા (સલ) એ કે, જ્યારે કોઇ પુરૂષ સ્ત્રીને સાથે ખાલી જગ્યામાં બેસે કે જ્યાં આ બન્ને સીવાય કોઇ નહીં હોય તો ત્યાં ત્રીજો **શેતાન** જરૂર હશે. **મીશકાત**

(૩) હજરત, **આએશા** (રદી)થી રીવાયત છે કે એક સ્ત્રીના હાથમાં કાગળ હ: તેણે પરદાના પાછળથી, નબી (સલ)ને દેવાને માટે હાથ લાંબો કર્યો.

આ હદીસ. ઉપરથી તો સાફ ખુલ્લે ખુલ્લુ એ પણ જણાઇ આવેછે કે તે વખતની બીબીઓ યાને સ્ત્રીઓ નબી સાહેબથી પણ પરદો કરતી હતી. અલાહો અકબર વીચાર કરવાની વાત છે.——

છેવટે અમો દરેક અમારા મોમીન મુસલમાન ભાઇઓની પત્નીઓ માટે તેમજ આએન્દા થવાવાળી તેવણુની હોનહાર પુત્રીઓ માટે ખુદા પાકથી દુવા ચાહીએ છીએ કે સર્વને તુ ઇસ્લામી પરદા ઉપર અમલ કરવાની નેક તોફીક આપ આમીન.

શેર ૧

વોહ, શોકત વશાને જીન્દગાની ન રહી,
ગેરતકી હરમમે પાસ બાની ન રહી,
પડદા ઉઠા તો ખુલ ગયા એ અકબર,
ઇસ્લામમે વોહ લનતરાની ન રહી.

શેર ૨

બે પરદા કલ જો આઈ નજર ચન્દ બીબીયાં.
અકબર ઝમીમે ગેરતે કોમીસે ગળ ગયા
પુછા જો ઉનસે આપકા પડદા વોહ કયા હુવા
કેહને લગેં અકલપે મરદોંકી પળ ગયા.

સર્વેથી છેવટે હમો હમારા વાચક વર્ગની સેવામો આજકાલના ચાલું રસમી વિષે કરી કાંઈ સુચના રૂપિ લખાણુ કરવાને રજા લેતા લખી જણાવીએ છીએજ કે આજકાલ જે આપણા દરેક મુસલમાન ભાઇઓમાં તેમજ આ જગતની રચના અને રૂઢિના નિયમ મુજબ જે આપણે દરેક મુસલમાનો જુદી જુદી જ્ઞાતિના નામોથી ઓળખાઇએ છીએજ તે પ્રત્યે આપણી મુસલમાન દરેક જ્ઞાતિના બૈરાઓ તેમજ યુવાવસ્થામાં આવેલી છોકરીઓ જે પડદો કરે છે તે માત્ર પોતાકા જ્ઞાતિનાજ પુરૂષોથી પડદો કરે છે બાકીના બીજી જ્ઞાતિવાળા તેમજ મુસલમાન વતરેક બીજી કોમોના પુરૂષોથી પડદો નહી કરવામાં આવતો એનું શું કારણુ છે. તે હમો કહી શકતા નથી માટે કરી એ બાબત વિષે હમો કાંઇ થોડું ઘણું લખી જણાવીએ છીએજ કે પડદા વિષેનો હુકમ આપણા પવિત્ર ઇસ્લામ ધર્મમો દરેક સ્ત્રીઓ માટે પોતીકા (માહરમ) યાને જેની સાથે નીકાહ કરવા હરામ છે તેના વતરેક દરેક પુરૂષ એક સરખોજ હુકમ રાખે છે પછી તે કોઇ પણ ધર્મ યા જ્ઞાતીનો પુરૂષ હોય તેનાથી પડદો કરવો ફરજ છે માટે કરી આપણે દરેક મુસલમાન ભાઇઓએ એ વિષેનો પુરતો બંદોબસ્ત અને ખ્યાલ રાખવો જોઇએ કેમજે આજકાલનો ઝમાનો ફીતનો અને ફસાદથી ભરપુર છે માટે કરી જો આપણે એનો પુરતો બંદોબસ્ત નહીં રાખશું તો એમાં આપણીજ મોટી હાનિ છે છેવટે હું આશા રાખું છું કે મારા દરેક મુસલમાન ભાઇઓ, એ વિષે કરી પુરતો બંદોબસ્ત કરવાને નિત્ય જેમ બની શકે તેમ પ્રયત્ન કરતા રેહશે તો તેમાં આપણીજ દીન અને દુન્યાની બેહતરી છે.

સમાપ્તં
